# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાત્રે 8 વાગ્યે 'જનજાતિય ગૌરવ દિવસ' ની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંદેશ આપશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આદિવાસી ગૌરવદિવસ અને ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણીના ઉદ્ઘાટન માટે બિહારના જમુઈની મુલાકાત લેશે.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે, આ દેશમાં ખેડૂતોને કોઈ વિભાજિત કરી શકે નહીં અને રાષ્ટ્રવાદમાટે ખેડૂત વર્ગની એકતા શ્રેષ્ઠ છે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, મહારાષ્ટ્રે દેશને 'વિકસિત ભારત' તરફ દોરી જવું જોઈએ.
- ✓ વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે દુબઈ નોલેજ પાર્ક ખાતે સિમ્બાયોસિસ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીના પ્રથમ વિદેશી પરિસરના ઉદ્ઘાટનની અધ્યક્ષતા કરી..
- ✓ પાકિસ્તાનની એક અદાલતે પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને તોશાખાના સંબંધિત એક કેસમાં નિર્દોષ છોડવાની અરજીને ફગાવી દીધી..

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ--JANJATIYA-GAURAV-DIVAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાત્રે 8 વાગ્યે 'જનજાતિય ગૌરવ દિવસ' ની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંદેશ આપશે. આકાશવાણી, દિલ્હી તેના ઈન્દ્રપ્રસ્થ, આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7, એફએમ ગોલ્ડ અને એફએમ રેઈનબો ચેનલ્સ પર રાષ્ટ્રપતિ મુર્મુના સંદેશનું પ્રસારણ કરશે.

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે જનજાતીય ગૌરવ દિવસ મનાવવામાં આવશે. આ દિવસ રાષ્ટ્રના ઇતિહાસ અને સંસ્કૃતિમાં આદિવાસી સમુદાયોના યોગદાનને સન્માનિત કરે છે. રાષ્ટ્રપતિનો સંદેશ આવતીકાલે તમામ પ્રાથમિક ચેનલો, સ્થાનિક રેડિયો સ્ટેશનો અને આકાશવાણીના **FM** ગોલ્ડ અને **FM** રેઈનબો નેટવર્કની તમામ ચેનલો પર સવારે 8:45 કલાકે અને સાંજે 5:30 કલાકે ફરીથી પ્રસારિત કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બિહારના જમુઈ ખાતે આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત 'જનજાતિ ગૌરવ દિવસ' ના સમારોહમાં હાજરી આપશે. આકાશવાણી, દિલ્હી તેની એફએમ ગોલ્ડ અને ઈન્દ્રપ્રસ્થ અને આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7 ચેનલો પર સવારે 11.30 વાગ્યાથી આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ થશે.

# PM-JANJATIYA.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આવતીકાલે આદિવાસી ગૌરવ દિવસ અને ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણીના ઉદ્ઘાટન માટે બિહારના જમુઈની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ભગવાન બિરસા મુંડાના સન્માનમાં સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ બહાર પાડશે. તેઓ ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં આદિવાસી સમુદાયના વિકાસ માટે છ હજાર છસો ચાલીસ કરોડ રૂ. થી વધુની વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

શ્રી મોદી પ્રધાનમંત્રી આદિજાતિ ન્યાય મહા અભિયાન હેઠળ બનેલા 11 હજાર મકાનોના ઉદ્ઘાટનમાં પણ હાજરી આપશે. પ્રધાનમંત્રી આદિજાતિ ન્યાય મહા અભિયાન હેઠળ 23 મોબાઈલ તબીબી યુનિટ અને ધરતી આબા આદિવાસી ગ્રામ ઉત્કૃષ્ટ અભિયાન હેઠળ 30 વધારાના મોબાઈલ મેડિકલ યુનિટનું ઉદ્ઘાટન કરશે જેથી આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સંભાળને વધુ સારી રીતે વધારી શકાય. તેઓ આદિવાસી ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને આજીવિકા વધારવા માટે આદિવાસી વિદ્યાર્થીઓ માટે ત્રણસો વન ધન વિકાસ કેન્દ્રો અને દસ એકલવ્ય મોડેલ રહેવાસી સ્કૂલનું ઉદ્ઘાટન કરશે. મધ્યપ્રદેશના છિંદવાડા અને જબલપુર ખાતે બે આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયો અને જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર અને સિક્કિમના ગંગટોકમાં બે આદિજાતિ સંશોધન સંસ્થાઓનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે.

પ્રધાનમંત્રી આદિવાસી વિસ્તારોમાં સંપર્ક સુવિધા સુધારવા માટે 500 કિલોમીટર લાંબા રસ્તાઓ અને પ્રધાનમંત્રી આદિજાતિ ન્યાય

મહા અભિયાન હેઠળ 100 બહુહેતુક કેન્દ્રોનો શિલાન્યાસ પણ કરશે. તેઓ 25 વધારાની એકલવ્ય મોડલ રહેવાસી શાળાનો શિલાન્યાસ પણ કરશે.

ઉલ્લેખનીય છે કે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમુદાયના યોગદાનને માન આપવા માટે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ દર વર્ષે 15 નવેમ્બરના રોજ આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે, દેશના વારસા અને પ્રગતિમાં આદિવાસી જૂથોની મહત્વપૂર્ણ ભૂમિકાને યાદ કરવામાં આવે છે. સંથાલ, તામર, કોલ, ભીલ, ખાસી અને મિઝો જેવા આદિવાસી સમુદાયોએ વિવિધ ચળવળો દ્વારા દેશના સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

## VP-PUSHKAR-VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે, આ દેશમાં ખેડૂતોને કોઈ વિભાજિત કરી શકે નહીં અને રાષ્ટ્રવાદ માટે ખેડૂત વર્ગની એકતા શ્રેષ્ઠ છે. શ્રી ધનખડ્ આજે અજમેર નજીક પુષ્કરમાં 105માં રાષ્ટ્રીય જાટ સંમેલનને સંબોધિત કરી રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ ખેડૂતોને યુવા પેઢીમાં નૈતિક મૂલ્યોનું નિર્માણ કરવા અને તેમને સાચો માર્ગ બતાવવા અનુરોધ કર્યો હતો.

આ સાથે તેમણે પોતાના પરિવાર, પર્યાવરણની કાળજી રાખવા અને પોતાની ફરજ બજાવવા પર પણ ભાર મૂક્યો હતો. શ્રી ધનખડે ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના માર્કેટિંગ અને વેપારમાં તેમની ભાગીદારી વધારવા વિનંતી પણ કરી હતી. તેમની પુષ્કર મુલાકાત દરમિયાન ઉપરાષ્ટ્રપતિએ બ્રહ્મા મંદિર અને શિવ મંદિરની પણ મુલાકાત લીધી હતી.

## REV.-MAHARASHTRA---VIKSIT-BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, મહારાષ્ટ્રે દેશને 'વિકસિત ભારત' તરફ દોરી જવું જોઈએ. તેમણે કહ્યું કે આ વિઝનને અનુરૂપ, રાજ્યમાં હાલમાં ઘણા આધુનિક માળખાકીય પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. મરાઠવાડાના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે પ્રદેશ માટે 70 હજાર કરોડ રૂપિયાના રોકાણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે મરાઠવાડામાં 45 હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ પહેલેથી જ ચાલી રહ્યા છે. તેમણે આ પ્રદેશમાં ધોરી માર્ગ,, રેલવે આધુનિકીકરણ, ઓદ્યોગિક પાર્ક અને ટેક્સટાઈલ પાર્ક સહિત વિવિધ વિકાસલક્ષી પહેલો પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ ખાતરી આપી હતી કે આ પ્રોજેક્ટ મોટી કંપનીઓને આ પ્રદેશ તરફ આકર્ષિત કરશે, જેનાથી મરાઠવાડામાં નવી તકો અને રોજગારીનું સર્જન થશે.

શ્રી મોદીએ કહ્યું કે મહાયુતિ સરકાર વિકાસની સાથે પરંપરાના જતન માટે સમર્પિત છે. તેમણે 'પાલખી મહામાર્ગ'નો ઉલ્લેખ કર્યો અને મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપ્યો. પ્રધાનમંત્રીએ મહા વિકાસ અઘાડીની ટીકા કરતા કહ્યું કે તે મરાઠવાડામાં જળ સંકટને પહોંચી વળવામાં નિષ્ફળ રહી છે. તેમણે કહ્યું કે અગાઉની સરકારે મહાયુતિ સરકાર દ્વારા શરૂ કરાયેલી સિંચાઈ યોજનાઓ બંધ કરી દીધી હતી.

## JAISHANKAR---FIRST-INTERNATIONAL-CAMPUS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે દુબઈ નોલેજ પાર્ક ખાતે સિમ્બાયોસિસ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીના પ્રથમ વિદેશી પરિસરના ઉદ્ઘાટનની અધ્યક્ષતા કરી હતી. આ સમારોહને ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેના સંબંધોમાં સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે સંયુક્ત આરબ અમીરાતના સહિષ્ણુતા અને સહઅસ્તિત્વ મંત્રી શેખ નાહયાન બિન મુબારક અલ નાહયાન પણ હાજર હતા.

આ પ્રસંગે, વિદેશ મંત્રીએ કહ્યું કે, આ ઉદ્ઘાટન માત્ર સંસ્થાકીય વિસ્તરણ નથી પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં વર્ણવ્યા મુજબ ભારતના શૈક્ષણિક ક્ષેત્ર તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

## SWACHHATA-PLEDGE

માહિતી અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ આર્થિક સલાહકાર રવિન્દ્ર કુમાર જેનાએ આજે અધિકારીઓને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સામૂહિક સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ દરમિયાન આકાશવાણીના ડાયરેક્ટર જનરલ ડો. પ્રજ્ઞા પાલીવાલ ગૌર, એડિશનલ ડાયરેક્ટર જનરલ એલ. મધુ નાગ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આકાશવાણી ભવન, નવી દિલ્હી ખાતે સ્વચ્છતાની પ્રતિજ્ઞા લીધી.

## UP---UPPSC-EXAM-ONE-DAY

ઉત્તરપ્રદેશ રાજ્ય જાહેર સેવા આયોગે પ્રિલિમિનરી પરીક્ષા એક જ શિફ્ટમાં લેવાનો નિર્ણય કર્યો છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રયાગરાજમાં વિદ્યાર્થીઓની માંગને ધ્યાનમાં લીધી અને કમિશનને એક દિવસમાં PCS

પ્રિલિમિનરી પરીક્ષા 2024 અંગે વિદ્યાર્થીઓ સાથે વાતચીત અને સંકલન કરીને જરૂરી નિર્ણય લેવા જણાવ્યું. RO-ARO (પ્રિલિમ) પરીક્ષા-2023 માટે કમિશન દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિ તમામ પાસાઓ પર વિચારણા કરશે અને ટૂંક સમયમાં તેનો વિગતવાર અહેવાલ સુપરત કરશે.

રિવ્યુ ઓફિસર અને આસિસ્ટન્ટ રિવ્યુ ઓફિસરની ભરતી પરીક્ષાઓ, જે 23 અને 24 ડિસેમ્બરે ત્રણ શિફ્ટમાં યોજાવાની હતી, તે પણ મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષાઓ ક્યારે યોજવી તે અંગે કમિટી ટૂંક સમયમાં નિર્ણય લેશે.

UPPSC ઉમેદવારો આ વર્ષે પરીક્ષાને બે દિવસમાં વિભાજિત કરવાના રાજ્ય જાહેર સેવા આયોગના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. પરીક્ષા 7 અને 8 ડિસેમ્બરના રોજ બે શિફ્ટમાં યોજાવાની હતી.

## IMRAN-KHAN--PAKISTAN

પાકિસ્તાનની એક અદાલતે આજે પૂર્વ પ્રધાનમંત્રી  ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને  તોશાખાના સંબંધિત અન્ય એક કેસમાં નિર્દોષ છોડવાની અરજીને ફગાવી દીધી છે. ખાસ ન્યાયાધીશ, સેન્ટ્રલ ઇસ્લામાબાદ દ્વારા સુનાવણી દરમિયાન તેમની વિનંતીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આવતા સપ્તાહે સોમવારે તેમની સામે ઔપચારિક રીતે આરોપો ઘડવામાં આવશે. ઈમરાન અને તેની પત્ની પર સત્તામાં રહીને સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને સરકારી ભેટો રાખવા અને વેચવાનો આરોપ છે. જો કે, તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-

ઈન્સાફે આ આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તેમણે કોઈ ખોટું કર્યું નથી.

વર્ષ 2022માં અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા ઈમરાન ખાનની સરકાર પડી ત્યારથી લઈને અત્યાર સુધી તેમને દસથી વધુ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા છે. તે છેલ્લા એક વર્ષથી કસ્ટડીમાં છે.

## EVE.-SRI-LANKA-POLLING

શ્રીલંકામાં સંસદીય ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું છે. સવારે 7 થી સાંજે 4 વાગ્યા સુધી 13 હજાર 400 થી વધુ મતદાન મથકો પર મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બપોરે 2 વાગ્યા સુધી લગભગ 50 ટકા મતદાન થયું હોવાના અહેવાલ છે, પરંતુ ચૂંટણી પંચે હજુ અંતિમ આંકડા જાહેર કર્યા નથી. મતપેટીઓ આજે મતગણતરી કેન્દ્રો પર ખસેડવામાં આવશે, જ્યાં મતગણતરી શરૂ થશે. ચૂંટણી પંચે કહ્યું છે કે પોસ્ટલ વોટના પરિણામો આજે રાત્રે મોડા જાહેર કરવામાં આવશે, જ્યારે અંતિમ પરિણામો આવતીકાલે જાહેર થવાની સંભાવના છે.

## COP29-GABV

અઝરબૈજાનના બાકુમાં સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તન સંમેલનથી અલગ ગ્લોબલ એલાયન્સ ફોર બેંકિંગ ઓન વેલ્યુએ જાહેરાત કરી છે કે તેની 25 સભ્ય બેંકોએ અશ્મિભૂત ઈંધણ બિન-પ્રસાર સમજૂતીને બહાલી આપી છે. નાણાકીય સંસ્થાઓ દ્વારા આ પહેલનું પ્રથમ સામૂહિક સમર્થન છે. આ સંધિ નવો કોલસો, તેલ અને ગેસ પ્રોજેક્ટ્સના વિસ્તરણને રોકવા માટે વૈશ્વિક સ્તરે બંધનકર્તા યોજનાની દરખાસ્ત કરે છે.

અશ્મિભૂત ઇંધણ બિન-પ્રસાર સંધિને બહાલી આપીને, આ 25 બેંકોએ નાણાકીય ક્ષેત્રને આબોહવા પરિવર્તન સામે અર્થપૂર્ણ પગલાં લેવા વિનંતી કરી છે.

આ વૈશ્વિક જોડાણની સ્થાપના વર્ષ 2009માં કરવામાં આવી હતી. તે 70 બેંકોનું નેટવર્ક છે, જે વિશ્વના દરેક મોટા ક્ષેત્રમાં કાર્યરત છે. સામૂહિક રીતે, આ બેંકો એકસો સત્તર અબજ અમેરિકન ડોલરનું સંચાલન કરે છે અને સમગ્ર વિશ્વમાં 11.3 કરોડથી વધુ લોકોને સેવા આપે છે. આબોહવા કટોકટી સામે લડવા માટે સમૃદ્ધ દેશો પાસેથી ભંડોળ મેળવવાના આહ્વાન વચ્ચે લગભગ 200 દેશોના પ્રતિનિધિઓ, વેપારી નેતાઓ, આબોહવા વૈજ્ઞાનિકો, પત્રકારો અને અન્ય નિષ્ણાતો અને હિતધારકો આ પરિષદમાં ભાગ લેશે.

## BANGLADESH---MUHAMMAD-YUNUS

નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકારે દેશની **90** ટકા મુસ્લિમ વસ્તીને ટાંકીને દેશના બંધારણમાંથી 'ધર્મનિરપેક્ષતા" શબ્દને હટાવવાનો આગ્રહ કર્યો છે. ગઈકાલે **15**મા બંધારણીય સુધારાની માન્યતા અંગે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન બાંગ્લાદેશના એટર્ની જનરલ મોહમ્મદ અસદુઝમાને કહ્યું કે ધર્મનિરપેક્ષતા બાંગ્લાદેશમાં **90** ટકા મુસ્લિમ વસ્તીની વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરતી નથી. એટર્ની જનરલે સમાજવાદ, બંગાળી રાષ્ટ્રવાદ અને બંગબંધુ શેખ મુજીબુર રહેમાનને "રાષ્ટ્રપિતા" તરીકે નામ આપવાની જોગવાઈઓ દૂર કરવાની પણ વાત કરી હતી.

એટર્ની જનરલે ચર્ચા દરમિયાન કહ્યું કે, બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામમાં શેખ મુજીબુર રહેમાનના યોગદાનને નકારી શકાય નહીં, પરંતુ **15**મા સુધારા દ્વારા આ પદવી આપવાથી બંધારણ તેની મૂળ ભાવનાથી દૂર થઈ જાય છે. વધુમાં, બંગાળી રાષ્ટ્રવાદ પર એટર્ની જનરલે ભાષા દ્વારા રાષ્ટ્રીય ઓળખની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે આના કારણે નાગરિકો વચ્ચે વિભાજન થયું છે. તેમણે કહ્યું કે કોઈપણ દેશ ભાષાના આધારે રાષ્ટ્રીય ઓળખ નક્કી કરતો નથી.

બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની પ્રણાલી દ્વારા, એક બિનચૂંટાયેલી વચગાળાની સરકારને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી  શેખ હસીનાની આગેવાની હેઠળની સરકારે **2011**માં **15**મા બંધારણીય સુધારા સાથે વચગાળાની સરકારની વ્યવસ્થા નાબૂદ કરી હતી. આ સુધારાનો બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી અને અન્ય પક્ષોએ વિરોધ કર્યો હતો.

## WPI---OCTOBER-DATA

ભારતનો જથ્થાબંધ ભાવ સૂચકાંક (**WPI**)-આધારિત ફુગાવો ઓક્ટોબર મહિના માટે વાર્ષિક ધોરણે વધીને 2.36 ટકા થયો છે, જે આજે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા દર્શાવે છે. સપ્ટેમ્બરમાં **WPI** ફુગાવો 1.84 ટકા અને ઓગસ્ટમાં ફુગાવો 1.25 ટકા હતો. ઓક્ટોબર માટે ફુગાવામાં વધારો મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ, ખાદ્ય ઉત્પાદનોના ઉત્પાદન, અન્ય ઉત્પાદન ક્ષેત્રો અને મોટર વાહનોના ઉત્પાદનના ઊંચા ભાવને કારણે છે.